જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૧/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૩૧૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૬૩/૧૭**

**નરોડા** : કલ્પેશકુમાર બુધ્ધીધનભાઇ ભટ્ટ (રહે, ગેલેક્ષી ૮૮ હંસપુરા રેસીડન્સીની બાજુમાં હંસપુરા દહેગામ રોડ) એ તા.૨૩/૧/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૨૦૧૫ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) નિરલકુમાર અશોકભાઇ ચોકસી અને (૨)રૂપલબેન નીરલકુમાર ચોકસી (બંને રહે, તીર્થરાજ ફલેટ નરોડા) એ ભેગામળી કલ્પેશકુમારનાં મકાન ડી/૫૦૮ તીર્થરાજ ફ્લેટનો વેચાણ કરાર કરી તેમની પાસેથી કુલ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- ની કિંમત નકકી કરી તે પૈકીનાં કુલ રૂપિયા ૨૦,૫૦,૦૦૦/- કલ્પેશકુમાર પાસેથી મેળવી લઇ, બાદમાં મકાનનો દસ્તાવેજ ન કરી તેમજ મકાનની રકમ પાછી નહીં આપી, કલ્પેશકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૬૪/૧૭**

**ઓઢવ** : કિર્તીભાઇ લાલજીભાઇ ચાંગેચા (ઉ.વ.૨૨)(રહે,મનુસાહેબના કુવાની ચાલી ફાયર બ્રિગેડ વેરાની બાજુમાં ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૧૭ સાંજનાં ૭/૧૫ થી ૭/૨૫ વાગ્યા દરમ્યાન વિ.કે.પેટ્રોલપંપ સામે કણબા જવાના રોડ ઉપર એક ૩૨ વર્ષના આશરાનાં પુરૂષે કિર્તીભાઇની લોડીંગ રિક્ષા ઉભી રાખાવી, “તારી લોડીંગ રીક્ષામાં રોજ દારૂ લાવે છે તારી તલાસી લેવાની છે” તેમ કહી, તેણે કોઇની સાથે વાત કરતાં પાંચેક મીનીટમાં એક સફેદ કલરની નંબર પ્લેટ વગરની ઇનોવા ગાડી કિર્તીભાઇની રિક્ષા પછળ આવી ઉભી રહેલ, જેમાં આવેલ બીજા ત્રણ અજાણ્યા ઇસમો (૨૫ થી ૩૫ વર્ષના આશરાના)એ ભેગામળી લોખંડનાં પાઇપથી કિર્તીભાઇને ઇજા કરી, તેમના ખિસ્સામાં મુકેલ રોકડ રૂપિયા ૪૨,૦૦૦/- ની નોટોની બળજબરીપુર્વક લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૫/૧૭**

**ઘાટલોડીયા** : મયંકકુમાર શશીકાંતભાઇ ચૌહાણ (રહે,અમર એપાર્ટમેન્ટ, સંજયનગરની સામે ઘાટલોડીયા) એ તા.૨૦/૦૧/૧૭ ના કલાક ૧/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીક પોતાની રૉયલ ઇનફિલ્ડ મોટર સાયકલ નંબર જીજે.૦૧.એસ.યુ.૬૨૬૦ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૦/૧/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મયંકકુમાર ચૌહાણે તા.૨૩/૧/૧૭ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**સરખેજ** : અમીતભાઈ કીરીટભાઈ પટેલ (ઉ.વ.૩૮)(રહે,પટેલવાસ રામજીમંદીર પાસે,વાસણાગામ વાસણા) એ તા.૨૧/૦૧/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાનાં સુમારે મહમંદપુરા જતા રોડ પર કર્ણાવતી કલબના પાછળ ના ગેટ સામેની ખુલ્લી જગ્યામાં પોતાની ફિયાટ લીનીયા કાર નંબર જીજે.૦૧.કે.એન.૩૨૮૧ કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અમીતભાઇ પટેલે તા.૨૩/૧/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**રામોલ** : હસમુખભાઇ અમૃતભાઇ પટેલ (રહે,તેજેન્દ્રપાર્ક વિભાગ-૨ અર્પણ સ્કુલની સામે વસ્ત્રાલ) એ તા.૨૨/૦૧/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરની સામે પોતાની ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૦૨.એ.સી.૮૭૦૩ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૩/૧/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ હસમુખભાઇ પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૬૬/૧૭**

**નરોડા** : ગોવિંદભાઇ મણીલાલ રાવલ (રહે,રાવલવાસ સરકારી ડેરી પાસે, નાના ચિલોડા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૧૭ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ગોવિંદભાઇનાં પિતા મણીલાલ રાવલ નાઓ રીંગ રોડ, સ્કાય-વે કોમર્શીયલ હબની સામેથી મોટર સાયકલ ઉપર પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક કન્ટેનર નંબર જીજે.૦૧.બી.ટી.૮૦૩૬ નાં ચાલકે કન્ટેનર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ગોવિંદભાઈના પિતાને ટક્કર મારતાં, મણીલાલનાં માથા ઉપર ટાયર ફરી વળતા, તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૬૭/૧૭**

**સરદારનગર** : વર્ષા ધર્મરાજ શુકલા (ઉ.વ.૨૧)(રહે,સંત આસારામ પાર્ક રો હાઉસ, નોબલનગર સરદારનગર) એ તા.૨૨/૧/૧૭ સાંજનાં ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણસર પંખામાં દુપટ્ટો ભરાવી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સીંધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નિકોલ** : શિલ્પીરાની વા/ઓ દેવેન્દ્રનાથ સન્યાસી (ઉ.વ.૨૫)(રહે,સ્વામીનારાયણ નગર, વિભાગ-૨, કિરણ હાઉસ સામે, નિકોલ ગામ, નિકોલ) એ તા.૨૩/૧/૧૭ નાં કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીનાં ઘરે કોઇ અગમ્ય કારણસર લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ મસઇ.શ્રી ગણપતસિંહ બબાજી ચલાવે છે

**કૃષ્ણનગર** : મીરાબેન વા/ઓ કૈલાશભાઈ સૈન (ઉ.વ.૩૦)(રહે,કૈલાસનગર ઈશ્વરનગરની ચાલી મેમ્કો) માનસિક અસ્થિરતાના કારણે પોતાના ઘરે તા.૨૨/૧/૧૭ બપોરના ૧/૩૦ વાગ્યાનાં સુમારે પોતાની જાતે કેરોસીન છાંટી, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યાં હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.ખરાડી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)